No. of Printed Pages : 5

**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

01301

**December, 2018**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

**1.** નીચેના વિષયો પૈકી ગમે તે *એક* વિષય પર નિબંધ લખો. 8

(a) સ્ત્રીસશક્તિકરણ

(b) આતંકવાદનો અજગર

(c) શિક્ષિત બેકારી : સમસ્યા અને સમાધાન

(d) જળ એ જ જીવન

**2.** નીચેનામાંથી કોઈ પણ *ચાર* પ્રશ્નોના ઉત્તર આપો. 8

(a) કુદરતી પરિબળોને કારણે માનવસમાજમાં કયા કયા પ્રકારની વિવિધતાઓ આવે છે ? કઈ રીતે ?

(b) ગાંધીજીએ મીઠાનો કાયદો તોડયા પછી શું કર્યું ?

(c) શકરીની મદદ માટે ગુમાસ્તો ન રાખવા પાછળ દલુ શેઠની કઈ વૃત્તિ કામ કરે છે ?

(d) કાચના વાસણમાં શુદ્ધ પાણી કેમ રાખી શકાતું નથી ?

(e) ગામના પ્રશ્નો ઉકેલવામાં પંચાયત શો ફાળો આપી શકે ?

(f) અનુનાસિક ધ્વનિસંકેતોની કામગીરી કયા કયા ધ્વનિઓ બજાવે છે ?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. *4*

(i) ઘોષ અને અઘોષ ધ્વનિઓના ઉચ્ચારણમાં મુખ્યત્વે તો ________ કારણભૂત છે. (નાદતંત્રીઓનું કંપન, જીભનું હલનચલન, પડજીભનું આંદોલન)

(ii) સ્વભાષા-માતૃભાષા મનુષ્યના ________ ની ભાષા છે. (અંતર, જ્ઞાન, બૌદ્ધિક વિકાસ)

(iii) ________ દ્વારા આપણા શરીરને ગરમી અને શક્તિ મળે છે. (આયોડિન, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ)

(iv) વર્તમાનપત્રો તેમનું મુખ્ય ખર્ચ ________ માંથી કાઢી લેતાં હોય છે. (લવાજમ, જાહેરખબરો, સરકારી મદદ)

(b) અ વિભાગમાં કેટલીક કહેવતો આપી છે ને બ વિભાગમાં એના અર્થ આપ્યા છે. સાચાં જોડકાં રચો : *4*

| અ | બ |
|---|---|
| (i) મન હોય તો માળવે જવાય | (1) ઓછી શક્તિવાળા શક્તિનું પ્રદર્શન વધારે કરે. |
| (ii) મન ચંગા તો કથરોટમાં ગંગા | (2) ઈચ્છા હોય તો બધું જ થઈ શકે. |
| (iii) રોતી'તી ને પિયરિયાં મળ્યાં | (3) મન શુદ્ધ-પ્રસન્ન હોય તો ઘરમાં પણ તીર્થ લાધે. |
| (iv) ખાલી ચણો વાગે ઘણો | (4) દુઃખ હતું અને એવાં જેમને મોકળા મને કહી શકાય તેવાં સ્વજનો મળ્યાં |

**4.** નીચેનામાંથી ગમે તે *બે* વિષે ટૂંકનોંધ લખો. *6*

(a) પ્રાદેશિક ભાષાના વિકાસની આવશ્યકતા

(b) રૂઢિપ્રયોગો અને કહેવતો

(c) વ્યક્તિસ્વાતંત્ર્યના હક્ક અંગેની કલમો

5. નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તે વાક્યો ફરીથી લખો. *4*

(a) પણ વિકૃત સમાચારોને કરવામાં છાપામાં છે કરીને આવતા તોડીમરડી આવે રજૂ.

(b) કરતાં તેલ-એ અગત્યનું પાણીને છે શકાય બાદ ખનિજ એમ પેટ્રોલિયમ પૃથ્વી પ્રવાહી કહી ઉપરનું.

(c) સરકારના અમલદારો છું કાંઈ આપણી જે નવા તેમને હું કહેવા જૂના છે પણ ઈચ્છું.

(d) આત્યંતિક પુલ આમ વિસ્તૃત બે વચ્ચે ગ્રામપંચાયતે છેડાની લોકશાહીને સદ્ધર થઈ છે કરવાની રહે ને.

6. નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલ ખાનામાં ખરાની (√) નિશાની કરીને દર્શાવો. *4*

(a) "હું જઉં તો કહેશે મારા સારું શું લાવ્યા ? અને પાણી મગાવું તો ધમધમ કરતી લાજ કાઢીને ચાલે !"

(i) નાયક

(ii) નાયિકા

(iii) મહારાજ

(b) "તો પછી મા'જન આલ છ ને લેવું છે એમાં શરમ શાની ?"

(i) સુંદરજી શેઠ

(ii) ભલી

(iii) રાજુ

(c) "મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો."

(i) પખો સોની

(ii) શકરી

(iii) હેતી

(d) "મારે કાંઈ પૂજ્યભાવથી પ્રેમ કરવાનો છે ? મારે તો માલિકીપણાથી પ્રેમ કરવાનો છે."

(i) વંજુલ

(ii) કલ્યાણકાય

(iii) સાવિત્રી

7. નીચેના પ્રશ્નોના જવાબ લખો. 6

(a) દેશની મૂડી એટલે શું ? તે કઈ રીતે વધી શકે ?

(b) પ્રજાના સંસ્કાર-જીવનમાં અનુવાદ શો ભાગ ભજવે છે ?

8. નીચેનાં કથનોને સમજાવો. 6

(a) "ચોરાની દુર્દશા લોકજીવનની, દુર્દશાની એક નિશાની જ છે."

(b) "આજે ધંધો ધર્મને ભરખી ગયો છે."

(c) "વૃક્ષો એ કુદરતે બનાવેલી ગળણીઓ છે."

---